# –: Traffic Advisory :–.

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ ભારતના માન.વડાપ્રધાનશ્રી તેમજ ઇઝરાયેલ દેશના માન.વડાપ્રધાનશ્રી નાઓ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોઇ અને જે અંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ અભિવાદન કાર્યક્રમ વિશાળ જનસંખ્યા દ્વારા કરવામાં આવનાર હોઇ જેથી સામાન્ય જનતાની રોજબરોજની ટ્રાફિક મૂવમેન્ટ સરળતાથી ચાલે તે માટે નાગરિકોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કલાક ૦૭.૩૦ થી ૧૨.૦૦ થી ;

૧) અમદાવાદ શહેરમાંથી એરપોર્ટ તથા ગાંધીનગર જવા માટે રીવરફ્રન્ટ પુર્વ રોડ તથા ડફનાળાથી એરપોર્ટ સર્કલ રોડનો ઉપયોગ નહી કરતા નીચે જણાવેલ રુટનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

- અમદાવાદ શહેરમાંથી ગાંધીનગર જવા માટે એસ.જી.હાઇવે, ૧૩૨ ફુટ રિંગ રોડ તથા નારોલ–નરોડા રોડ થઇ એસ.પી. રિંગ રોડ થઇ ગાંધીનગર જવાના રુટનો ઉપયોગ કરવો.
- કોટ વિસ્તાર તથા પૂર્વ વિસ્તારમાંથી એરપોર્ટ જવા માટે મેમ્કો ચાર રસ્તાથી ગેલેક્ષી અંડરબ્રિજ થી નોબલનગર ટી થી ઇન્દિરાબ્રિજ સર્કલ થઇ એરપોર્ટ આવ–જા કરવા જણાવવામાં આવે છે.
- પશ્ચિમ વિસ્તારમાંથી એરપોર્ટ જવા માટે એસ.જી.હાઇવે, ૧૩૨ ફુટ રીંગ રોડ થઇ સરદાર પટેલ રીંગ રોડ થઇ એપોલો સર્કલ થી ઇન્દિરાબ્રિજ થઇ એરપોર્ટ આવ–જા કરવા જણાવવામાં આવે છે.

૨) વાડજ સર્કલ થી સુભાષબ્રીજ–પ્રબોધરાવલ સર્કલ સુધીના માર્ગનો ઉપયોગ નહી કરવા જણાવવામાં આવે છે.

- વૈકલ્પિક માર્ગ તરીકે વાડજ સર્કલથી પલક ટી થઇ રાણીપ ટી થઇ પ્રબોધરાવળ સર્કલના માર્ગનો ઉપયોગ કરવા વિનંતી કરવામા આવે છે.
- શહેરની અંદરના ભાગમાં જવા વાડજ સર્કલ થઇ દધિચિ બ્રિજ થઇ દેવજીપુરા પોલીસ લાઇન થઇ કમિશ્નર કચેરી માર્ગનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

જેથી નાગરિકોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે શક્ય હોય ત્યાં સુધી ઉપરોક્ત જણાવેલ રુટોનો ઉપયોગ અવર–જવર માટે નહી કરી વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી ટ્રાફીક વ્યવસ્થા જાળવવા સહભાગી થશો.

તા. /૦૧/૨૦૧૮

( ડૉ.સુધિરકુમાર દેસાઇ )  
ઇ/ચા. સંયુક્ત પોલીસ કમિશ્નર  
ટ્રાફિક, અમદાવાદ શહેર